RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 8

એપ્રિલ - 2019

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ







## રમે રઘુવંશી, જીતે રઘુવંશી

## માતુશ્રી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯





# ઉત્સવો અને આપણે

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

ભારતીય સંસ્કૃતિમાં અને આપણા સૌના જનજીવનમાં ઉત્સવો, તહેવારો કે પર્વોનું આગવું સ્થાન અને મહત્વ રહ્યા છે. આપણી સંસ્કૃતિ અનેકવિધ ઉત્સવો અને પર્વોથી શોભાયમાન છે. આ ઉત્સવો આપણને ગમે છે કારણકે તે આપણને રોજિંદા જીવનમાંથી અલ્પકાલીન મુક્તિ આપે છે. પોતાના ધંધા, રોજગાર કે નોકરી અને શુષ્ક જીવન વ્યવહારના બોજા નીચે દબાયેલો માનવ ઉત્સવના દિવસે થોડો મુક્ત શ્વાસ લઈ આનંદનો અહેસાસ અનુભવે છે. જીવનની જડતાને ખુલ્લું આકાશ સાંપડે છે. ઘડીભર તેમાં મુક્ત ઉડ્ડયન કરીને માનવી પોતાના મનના સંતાપોને તત્કાલ પૂરતા શમી ગયેલા અનુભવે છે.

વિવિધતામાં એકતાનો સંદેશ આપતી આપણી સંસ્કૃતિમાં કેટકેટલા ઉત્સવો છે !! એકેય મહિનો ઉત્સવ વિનાનો કોરો ન જ હોય. વળી ઋતુ ઋતુ પ્રમાણેના ઉત્સવો, દરેક ઉત્સવની પાછળ વળી એની કથા હોય, નોખું મહાત્મ્ય હોય અને વિચારીએ તો - સમજીએ તો એની પાછળ વિજ્ઞાન આધારિત સમજ કે કારણ પણ હોય. આપણા સ્વાસ્થ્ય સાથે પણ આ ઉત્સવો કોઈ ને કોઈ રીતે જોડાયેલા જાણવા મળે. આપણા પૂર્વજોએ આજથી સદીઓ પહેલાં કેટલા ઊંડા ચિંતન સાથે આ ઉત્સવો કે તહેવારોની ઉજવણીને જીવન સાથે સાંકળી હશે !!

ઉત્સવોની પાછળ ભાવનું મહત્ત્વ છે. ભાવશૂન્ય રીતે કરેલી ઉત્સવોની ઉજવણી યંત્રવત બને છે અને માનવના જીવનમાં જડત્વ નિર્માણ કરે છે. ઉત્સવોની મૂક વાણી આપણને જીવનવિકાસમાં ઉપયોગી એવા સંદેશાઓ આપે છે. આ રીતે ઉત્સવો એક ઉત્કૃષ્ઠ માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે છે. મહાપુરુષોની જયંતીના જે ઉત્સવો આપણે ઉજવીએ છીએ તે તેમની મહાનતા આપણી સામે દ્રષ્ટિગોચર કરી આપણને પણ મહાન બનવાનો સંદેશ આપે છે. આપણે પણ આપણું જીવન ઉચ્ચ અને ઉદાત્ત કરી શકીએ છીએ એવું આશ્વાસન મહાપુરુષોનું જીવન આપણને આપે છે. એથી જ માતૃસંસ્થા દ્વારા સમગ્ર વિશ્વના જ્ઞાતિજનોએ સાથે મળીને આપણા પૂર્વજ ભગવાન શ્રી રામચંદ્રજીની જયંતીને એટલે કે રામનવમીને વિશ્વ રઘુવંશ દિવસ તરીકે ઉજવી "रामो भूत्वा रामं यजेत।" નો સંદેશ આપી ઉજવવાનું નક્કી કર્યું છે. આપ સૌને રામનવમીની ભવ્યાતિ ભવ્ય ઉજવણી અને તેની પાછળની ભાવના અને સંદેશ માટેની શુભેચ્છાઓ પાઠવું છું.

જ્ઞાતિના પ્રવાહમાં યુવા પેઢી પણ જોડાય, જ્ઞાતિમાં ઐક્ય, સંગઠન, એકબીજાથી નીકટતા વધે, ખેલદીલી અને વિચારોનું આદાન પ્રદાન થાય એવા ઉમદા હેતુથી ઘણા વર્ષોથી આપણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રમતોત્સવ દ્વારા કરીએ છીએ. આ વખતનો આ રમતોત્સવ પોરબંદર મુકામે પોરબંદર લોહાણા મહાજન અને અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓના સહયોગથી ખુબ જ ઉત્સાહ અને ધામધૂમપૂર્વક સંપન્ન થયો એ બદલ મારી પ્રસન્નતા પ્રગટ કરું છું. આ સમગ્ર આયોજનમાં રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા અને તેમની ટીમની મહેનત તેમજ મહામંત્રી શ્રી હિમાંશુભાઈનું સંકલન, માર્ગદર્શન અને પ્રત્યક્ષ ઉપસ્થિતિ તો સાથે સાથે ગવર્નર શ્રી માન.યોગેશભાઈ લાખાણીની પ્રેરક ઉપસ્થિતિ બદલ સૌને અભિનંદન પાઠવું છું. આપણા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, દેશ-વિદેશના હોદ્દેદારશ્રીઓની હાજરી પણ બધા જ રમતવીરો માટે પ્રોત્સાહક બની રહી. હું આ રમતોત્સવમાં ઉપસ્થિત ન રહી શક્યો કેમ કે મારા પરિવારમાં પણ એક મોટો ઉત્સવ હતો. મારી લાડલી દીકરી ચિ. વિધિ અને જમાઈ ચિ. સાનીલની પ્રિવેડિંગ ઉજવણી હતી. અમારા પરિવારના આ ઉત્સવમાં દેશ-વિદેશથી સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓએ પધારી અમારા આનંદમાં સહભાગી બની ઉત્સવને યાદગાર બનાવ્યો તે બદલ સૌ પરત્વે કૃતજ્ઞતાપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

અને હા, આપણા દેશમાં બીજો પણ મોટો લોકશાહીનો ઉત્સવ શરૂ થઈ રહ્યો છે. આપણા સૌ માટે આ ચૂંટણી મહોત્સવ પણ એટલો જ મહત્ત્વનો છે, જેટલા અન્ય ઉત્સવો. આવો આ ચૂંટણી પર્વના અનેરા ઉત્સવમાં દેશમાં શાંતિ, સલામતી, વિકાસ અને સૌના કલ્યાણ માટે કાર્ય કરે તેવી સરકારની રચનામાં આપણો સહયોગ મતદાન કરીને આપી આ ઉત્સવના ભાગીદાર બનીએ.

આમ ઉત્સવો ઐક્યના સાધક, પ્રેમના પોષક, પ્રસન્નતાના પ્રેરક, ધર્મના સંરક્ષક અને ભાવના સંવર્ધક છે. તો ચાલો આપણે આપણા ઉત્સવોને સાચા અર્થમાં સમજીએ, સેવીએ, સાચવીએ, સંસ્કારીએ. અરે હું તો કહીશ કે જીવનને પણ એક ઉત્સવ ગણી ઉજવીએ તો ઉત્સવ - દર્શન સાચા અર્થમાં આપણું જીવન દર્શન બની રહેશે !!!

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 8
એપ્રિલ - 2019
અંક : 82
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
હીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ દ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઈસ્કોન મેગા મોલ,
ઈસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૭૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 21 સળંગ અંક : 241

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
તંત્રી સ્થાનેથી ........ ૪
આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ – ૨૦૧૯ ........ ૫
સ્થાયી સમિતિઓના અહેવાલ ........ ૧૨
સંસ્થા સમાચાર ........ ૧૬
શાબાશ રઘુવંશી ........ ૧૮
દુબઈ ગ્લોબલ લોહાણા કન્વેન્શન ........ ૧૯
સૌજન્ય જાહેરાત – બાલાજી ડ્રિમ સિટી હસ્તે : શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ ....... ૨૦



# રઘુવંશી ગૌરવ દિન

તમામ મહાજનશ્રીઓ,
સ્થાપિત સંસ્થાઓ, છાત્રાલયો
તથા સમગ્ર વિશ્વના
રઘુવંશીઓને માતૃસંસ્થા
શ્રી લોહાણા મહાપરિષદ તરફથી
રામનવમી પર્વની
ખૂબ ખૂબ શુભેચ્છાઓ

**હું રઘુવંશી છું તેનો મને ગર્વ છે.**

## તંત્રી સ્થાનેથી

# ગરમાવો : ઉનાળાનો, અર્થકારણનો ને ચૂંટણીનો

અત્યારે ઉનાળો સોળે કળાએ ખીલી રહ્યો છે, સોરી સોળે નહીં ૪૩-૪૪ ડિગ્રીની કળાએ ખીલી રહ્યો છે, ત્યારે તેના ગરમાવાની સાથે સાથે ભારતીય બજારોમાં પણ કેટલાક સમયથી ઉનાળા જેવો જ ગરમાવો પ્રવર્તી રહ્યો છે. જેવો ગરમાવો દેશના વાતાવરણમાં છે એવો જ ગરમાવો અર્થકારણમાં પણ છે. જેમ જેમ ઉનાળો જામતો જશે તેમ તેમ દેશમાં ચૂંટણીનું ઉષ્ણતામાન પણ જામશે.

ભારતમાં જ્યારે પણ ચૂંટણીઓ આવે છે ત્યારે બજારમાં રૂપિયો ફરતો થાય છે અને અર્થકારણમાં ગરમી આવે છે. કારણકે વિવિધ રાજકીય પક્ષો દ્વારા કરોડો રૂપિયા દરરોજ બજારમાં ઠલવાતા રહે છે. અત્યાર સુધી તો આ રાજકીય પક્ષો સભામંડપના જ નાણા ચૂકવતા હતા હવે તો સભાના અને મંડપના એમ બન્નેના ''ચૂકવણા'' કરવા પડે છે. પહેલાના જમાનામાં સભાઓ ભરાતી અને નેતાઓ બોલતા, હવે સભાઓ 'ભરવી પડે છે' પછી નેતાઓને લોકો સાંભળતા હોય એવું દ્રશ્ય નિર્માણ થાય છે. કોણ કેટલી વાત કોને ધરે છે એ તો મતપેટીઓ ખુલે ત્યારે જ ખબર પડવાની હોય છે.

આપણા રાજકારણીઓના કરોડો રૂપિયાનો પ્રવાહ બજારમાં ઠલવાતા જે પ્રાસંગિક તેજી આવશે એટલે કે સ્થગિત પૈડાંઓ ચાલતા થશે એનાથી દેશના અર્થકારણમાં ખરેખર જ ગુલાબી હવામાન દેખાશે. અર્થશાસ્ત્રમાં સત્તાવાર રીતે આ હકીકત હવે સ્વીકૃત છે કે દરેક ચૂંટણી ભારતીય બજારોમાં તેજીનો સંચાર કરીને થોડા સમય માટે આર્થિક હવામાનમાં સકારાત્મક વલણો દાખલ કરે છે. હાર જીત તો પ્રજાના હાથમાં છે, પરંતુ એ પહેલાંની દરેક પક્ષની આગવી પ્રેક્ટિસ પણ ખુલ્લંખુલ્લા પ્રજાને સ્વનેત્રે દેખાશે, મીડિયાએ એ બતાવવાની જરૂર નહિ પડે. નેતાઓ ના 'અર્થ' અને 'અનર્થ' વચ્ચે અફળાતો દેશ કસોટીમાંથી પસાર થશે.

ચૂંટણીની મોસમ આવે એટલે ભારતીય રાજનેતાઓ અનેક પ્રકારના અનર્થોનું સર્જન કરે છે. તેમના ભીતરના મૂળભૂત ચરિત્રો પ્રગટ થાય છે. વાણીની સભ્યતા પણ ક્યારેક દિવાલ કૂદીને અ-સભ્ય પ્રવાહે વહેવા લાગે છે. નાણાંની કોથળીઓ ફરતી હતી એ જમાના તો ગયા, હવે તો ટ્રકબંધ રોકડના ગંજ ખડકાયેલા હશે જ્યાં, ત્યાંથી ક્રમશઃ રાજ્યવાર ટ્રાન્સફર થશે. એ તો ખાનગી જાહેર અથવા તો જાહેર ખાનગી વાત છે કે દરેક રાજકીય પક્ષ ભરપુર નાણાં વહાવીને સત્તા પ્રાપ્ત કરવાની મથામણ કરે છે. ચૂંટણી વખતે આત્મપ્રશંસાને છૂટ્ટો દોર મળે છે : અખિલ બ્રહ્માંડમાં એક હુ ખરો (કે ખરી) એક હું એક હું એમ કહેવાનો અવસર બની જાય છે. અમેરિકનોની વ્યાખ્યા મુજબ ''થોડા લોકોના લાભ માટે સંખ્યાબંધ લોકો પાગલની જેમ ધૂણે એનું નામ ચૂંટણી.'' ''પડોશીને કહા : ચૂનાવ આ રહા હૈ, મૈંને કહા : ખડે હો જાઈએ, દેશ જો થોડા બચા હૈ, ઉસે આપ ખા જાઈએ.'' જેવો ઘાટ આજે જોવા મળે છે. દિવસે દિવસે ચૂંટણીઓ 'ગુણપ્રધાન' બનવાને બદલે 'ગાળપ્રધાન' બની રહી છે. તમને ગાળ ભાંડતા આવડે એટલે તમે સફળ નેતા. 'જે નેવે મુકે લાજ, તેનું મતદાતાઓ પર રાજ.' એ સૂત્રને સાકાર કરવું એ જ શું વર્તમાન લોકશાહીની ઉપલબ્ધિ છે. ?

ઈલેક્શન કમિશનના ડેટા મુજબ આ વખતની ચૂંટણીમાં સાડા ચાર કરોડ મતદારો એવા હશે જે પહેલી વાર મતદાન કરશે. બીજા એક અહેવાલમાં તો આ અનુમાન છેક દસ કરોડ સુધી પણ છે. ગઈ ૨૦૧૪ની લોકસભામાં આવા અઢી કરોડ ફર્સ્ટ ટાઈમ યંગ વોટર્સ હતા. હકીકતમાં ભારત અત્યારે વિશ્વમાં દુર્લભ એવો યુવા દેશ છે, જેની સરાસરી ઉંમર ૨૭ વર્ષ જ છે ! આ આંકડા ગંભીરતાથી લેવા જેવા છે. ભારતમાં સૌથી વધુ યુવા મતદાતા ધરાવતા રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન છે. જેમની મળીને કુલ બેઠકો ૨૩૫ થાય છે ! અહીં મને થિયોડોર રૂઝવેલ્ટ અમેરિકાના પ્રમુખ બન્યા તે પહેલાં ચૂંટણી વખતે ૧૮૮૩માં ન્યુયોર્કમાં જે ભાષણ આપેલું તેના અંશો પ્રસ્તુત કરવાનું મન થાય છે. એ વખતે એમની વય હતી માત્ર ૨૫ વર્ષ. એમણે કહેલું 'દેશમાં શાંતિનો સમય ચાલતો હોય ત્યારે યુવાનો આનંદ પ્રમોદ કરવા હકદાર છે, પણ એ શાંતિનો સમય તો જ આવશે કે જો એ જ યુવાનો તેમની નાગરિક ફરજોનું પાલન કરશે. નાગરિક અધિકાર માનીને શ્રેષ્ઠ ઉમેદવારને મત આપવો એ પણ રાષ્ટ્રધર્મ છે. દેશમાં શાંતિ, સલામતી, સુરક્ષા, પ્રેમ, ભાઈચારો લાવવા કટિબધ્ધ હોય એવા ઉમેદવારને મત આપીને દરેક નાગરિકે તેમનો રાષ્ટ્રધર્મ બજાવવો જોઈએ.''

''કોઈ એક બેંકર, સફળ વકીલ, સફળ એન્જિનિયર, સફળ ડોક્ટર કે પછી કોઈ પણ સફળ માણસ એમ કહે કે તેની પાસે રાજકારણ માટે સમય નથી, એમને સ્પષ્ટ શબ્દોમાં કહી દો કે તમે આઝાદ દેશમાં રહેવા અયોગ્ય છો.'' એવું જણાવી રૂઝવેલ્ટ કહે છે, ''આવા નિષ્ક્રિય લોકોને અસફળ - ભ્રષ્ટ રાજકારણીઓ વિશે કશું કહેવાનો અધિકાર નથી. આવા લોકો નિષ્ક્રિય રહે છે એટલે જ અયોગ્ય ઉમેદવારો ચૂંટાઈ જાય છે અને યોગ્ય ઉમેદવારોને હાર ખમવી પડે છે. રાષ્ટ્ર હંમેશા પ્રથમ સ્થાને રહે એ જ નાગરિકનો મૂળભૂત ગુણ હોવો જોઈએ, નહિ કે જ્ઞાતિ અને સમાજ.

અંતમાં, 'રાઈફલ ચલાવતા હોય એવી સજ્જતાથી મત આપો અને પછી જુઓ તેનું કેટલું અસરકારક પરિણામ મળે છે.'' વ્હોટ્સએપ પર ફરતો એક મેસેજ ''મતદાન અને કન્યાદાન - એ બન્ને ખાનદાન જોઈને જ કરવું.!

સૌને ઉનાળાની ગરમી અને ચૂંટણીની ગરમીમાં ટાઢક મળે તેવી શુભેચ્છાઓ !!!

- પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના

# આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૯

શ્રી લોહાણા મહાપરિષદની રમતગમત સમિતિ આયોજિત માતુશ્રી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ દુલિપ ક્રિકેટ ગ્રાઉન્ડ, પોરબંદર ખાતે તા. ૨૯-૩૦-૩૧ માર્ચ, ૨૦૧૯ના રોજ યોજાઈ. આ ટુર્નામેન્ટમાં સમગ્ર ભારત તથા વિદેશના અલગ અલગ પ્રદેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો સાથે સાથે શ્રી લોહાણા મહાપરિષદની રમતગમત સમિતિના સોવેનિયર-૨૦૧૯નું વિમોચન કરવામાં આવ્યું હતું. તા. ૨૯ માર્ચ, ૨૦૧૯ ને શુક્રવારે સવારે ૧૦.૩૦ કલાકે દુલિપ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો સાથે સાથે તા. ૨૯-૩-૨૦૧૯ ને શુક્રવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શ્રી મોહનભાઈ કોટેચા વાડી (તાજાવાલા) ખાતે શ્રી લોહાણા મહાજન અંતર્ગત સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત તા. ૩૦-૩-૨૦૧૯ને શનિવારે રાત્રે ૮.૦૦ કલાકે શ્રી મોહનભાઈ કોટેચા વાડી (તાજાવાલા) ખાતે મહેર દાંડીયારાસ તથા ડી.જે.નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ ખેલાડીઓ તેમજ રમતગમત સમિતિને પ્રોત્સાહિત કરવા શ્રી પ્રવિણભાઈ કોટક (પ્રમુખશ્રી, શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી યોગેશભાઈ લાખાણી (પૂર્વ પ્રમુખશ્રી, શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી હિમાંશુભાઈ ઠક્કર (મંત્રીશ્રી, શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી હેમંતભાઈ કાથરાણી (મુખ્ય દાતા પરિવાર, ભુવનેશ્વર ઓરીસ્સા), શ્રી પ્રતાપભાઈ દત્તાણી, શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી શ્રી નીતીનભાઈ રાયચુરા, શ્રી સુરેશભાઈ ચંદારાણા તથા પોરબંદર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સંજયભાઈ કારીયા, મંત્રી શ્રી રાજેશભાઈ લાખાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ ટુર્નામેન્ટને ઇસ્કોન કલબ ભાવનગર, શ્રી પ્રવિણભાઈ કોટક, ઇસ્કોન બાલાજી ગ્રુપ શ્રી ભરતભાઈ કોટક, શ્રી વિશાલભાઈ ગણાત્રા (ઓમાન), શ્રી ગીરીશભાઈ મગનલાલ કોટેચા (જુનાગઢ), શ્રી નરેશભાઈ ઠક્કર (નેશનલ યુથ કો-ઓર્ડિનેટર, બહુચરાજી), શ્રી આશા ગ્રુપ













(પોરબંદર), શ્રી નીતીનભાઈ રાયચુરા (ટ્રસ્ટી શ્રી, લોહાણા મહાપરિષદ), શ્રી ઇસ્કોન બાલાજી ગ્રુપ, શ્રી ભરતભાઈ કાંતિલાલ સામાણી મેમોરીયલ, પોરબંદર, શ્રી સુરેશભાઈ ચંદારાણા (વાઈસ પ્રેસિડેન્ટ, લોહાણા મહાપરિષદ, સૌરાષ્ટ્ર) દ્વારા ટીમ સ્પોન્સર કરવામાં આવી હતી.

આ ટુર્નામેન્ટમાં શ્રી પિયુષભાઈ મજીઠીયા (અધ્યક્ષ - રમતગમત સમિતિ), શ્રી પ્રકાશભાઈ ઠકરાર (મંત્રી - રમતગમત સમિતિ), શ્રી રોહિતભાઈ અનમ (ઉપાધ્યક્ષ - રમતગમત સમિતિ), શ્રી પિયુષભાઈ કુંડલીયા (સંયુક્ત મંત્રી - રમતગમત સમિતિ), શ્રી ગીરીશભાઈ મોનાણી (સહમંત્રી - રમતગમત સમિતિ), શ્રી દિલીપભાઈ ગંધા (ખજાનચી - રમતગમત સમિતિ), શ્રી હેમંતભાઈ લાખાણી (સૌરાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ), શ્રી જયેશભાઈ માંડવીયા (મંત્રી), શ્રી રવિરાજભાઈ ઠકરાર (સહમંત્રી), તથા રમતગમત સમિતિના હોદ્દેદારો સહિત શ્રી પોરબંદર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સંજયભાઈ વૃજલાલ કારીયા, મંત્રી શ્રી રાજેશભાઈ મોહનલાલ લાખાણી તથા સમગ્ર હોદ્દેદારો સહિત શ્રી લોહાણા મહિલા મંડળના પ્રમુખ શ્રી વંદનાબેન ડી. રૂપારેલ, શ્રી લોહાણા મિત્ર મંડળના પ્રમુખ શ્રી પરિમલભાઈ ઠકરાર, શ્રી લોહાણા યુવા શક્તિ ગ્રુપ - પ્રમુખ શ્રી મિલનભાઈ કારિયા સહિત સમગ્ર ટીમે અનેરા ઉત્સાહના દર્શન કરાવ્યા હતા.

તા.૨૯ માર્ચ, ૨૦૧૯ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે યોજાયેલ ઉદ્‌ઘાટન સમારોહમાં રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન અને દીપ પ્રાગટ્યથી વિધિવત્ રીતે શરૂ કરાયેલ આ સમારોહમાં ઉપસ્થિત સર્વે સભ્યોનો રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા તથા શ્રી પોરબંદર લોહાણા મહાજનના મંત્રી શ્રી રાજેશભાઈએ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું ત્યારબાદ આ સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેલા માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, આ ટુર્નામેન્ટના મુખ્ય સહયોગી શ્રી હેમંતભાઈ કાથરાણી, દાતાશ્રી પ્રતાપભાઈ દત્તાણી, માતૃસંસ્થાના ટ્રસ્ટી શ્રી નીતીનભાઈ રાયચુરા, સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા, ખજાનચી શ્રી નીતીનભાઈ પાંધી તથા વિવિધ ટીમો સાથે પધારેલા પદાધિકારીઓ, શ્રી રાજેશભાઈ પૂજારા (ચેન્નાઈ), શ્રી દિવ્યેશભાઈ ઠક્કર (કોઈમ્બતુર), ડૉ. સુરેશભાઈ પોપટ (મુંબઈ), શ્રી નિખિલભાઈ સુબા (મુંબઈ) સૌનું પુષ્પગુચ્છ તથા મેમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું. મેદાનમાં ગરમી ખૂબ હોવાના કારણે સૌ મહેમાનોની અનુમતિથી સૌ દાતા અને શ્રેષ્ઠીઓ વતી શ્રી યોગેશભાઈ લાખાણીએ મનનીય ઉદ્‌બોધન કરી ખુબ જ પ્રભાવી કહી શકાય તેવા સુંદર આયોજન બદલ રમતગમત સમિતિના પ્રમુખ શ્રી પિયુષભાઈ મજીઠીયા, મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી પોરબંદર લોહાણા મહાજન, મુખ્ય સહયોગી કાથરાણી પરિવાર, સતત સક્રિય રહેલા માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા સૌ નામી-અનામી સહયોગી સભ્યોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા અને ત્રણ પ્રકારના સ્પીરીટ (૧) નેશનલ સ્પીરીટ (૨) મોરલ સ્પીરીટ (૩) સ્પોર્ટ્સમેન સ્પીરીટને અપનાવી તેને વધુ ને વધુ સમૃધ્ધ બનાવવા અને ચોથો સ્પીરીટ કે જે ગુજરાતમાં પ્રતિબંધિત છે તેનાથી દૂર રહેવા માટે પણ વ્યંગાત્મક રીતે ટકોર કરી હતી. મરજીવાએ મોતી મેળવવા માટે અપાર સાગરની ઊંડાઈને આંબવી પડે છે તેમ રઘુવંશી ખેલાડીઓ પણ પોતાના સપનાંઓને સાકાર કરવા માટે મરજીવા બને તેવી લાગણી શ્રી યોગેશભાઈ લાખાણીએ વ્યક્ત કરી હતી. માતૃસંસ્થાની પ્રતિયોગિતા વધુ ને વધુ ઊંચી ગરિમા પ્રતિ વર્ષ મેળવી રહી છે અને રાષ્ટ્રીયથી આંતરરાષ્ટ્રીય કક્ષામાં પરિણમી છે તે બદલ પણ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.



## ઉદ્‌ઘાટન સમારોહ - તા. ૨૯-૩-૨૦૧૯

આ આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટનું જીવંત પ્રસારણ GTPL ચેનલના માધ્યમથી પોરબંદર વિસ્તારના ૧૦૦ કિ.મી.માં તેમજ યુ ટ્યુબના માધ્યમથી પુરા વિશ્વમાં લાઈવ પ્રસારણ કરવામાં આવેલ હતું. આ પ્રસારણનો સમગ્ર વિશ્વના રઘુવંશીઓએ લાભ લીધેલ.

ત્યારબાદ સમારોહમાં પોતપોતાના યુનિફોર્મમાં સજ્જ દરેક ટીમ માર્ચ પાસ્ટ કરી તમામ મહાનુભાવોનું અભિવાદન ઝીલ્યું હતું અને સુનિશ્ચિત કરાયા મુજબ મેચોનો દોર શરૂ થયો હતો.

તા.૨૯ માર્ચ, ૨૦૧૯ ને શુક્રવારના રોજ પ્રથમ દિવસે પ્રથમ મેચ જેમાં ગુજરાત અને દક્ષિણ ભારત વચ્ચે રમાઈ હતી જેમાં દક્ષિણ ભારતની ટીમનો વિજય થયો હતો. **(મેન ઓફ ધ મેચ : ધ્યેય પાંઉ)** બીજી મેચ કચ્છ વિભાગ અને ઉત્તર પૂર્વ વિભાગ વચ્ચે રમાઈ જેમાં કચ્છ વિભાગનો વિજય થયો હતો. **(મેન ઓફ ધ મેચ : ક્રિષી પુજારા)** ત્રીજી મેચ સૌરાષ્ટ્ર અને વિદેશ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં વિદેશ વિભાગની ટીમ વિજયી બની હતી. **(મેન ઓફ ધ મેચ : આનંદ દાવડા)**, ચોથી અને અંતિમ મેચ મુંબઈ સહ મહારાષ્ટ્ર અને વિદર્ભ સહ મધ્યભારત વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની ટીમ વિજયી બની હતી. **(મેન ઓફ ધ મેચ : સ્નેહલ વિઠ્ઠલાણી)**

પ્રથમ દિવસે રાત્રે શ્રી પોરબંદર લોહાણા મહાજન દ્વારા મહાજનવાડીમાં મનનીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાંચ વર્ષથી લઈ પચાસ વર્ષ સુધીના તમામ સભ્યોએ વૈવિધ્યસભર કૃતિ રજુ કરી રઘુવંશી કલાકારોનું કૌશલ્ય રજૂ કર્યું હતું.બીજા દિવસે સાંજે મેર કલાકારોની વિશેષ ખૂબી એવા દાંડિયા રાસની મનમોહક રજૂઆતો કરાઈ હતી જેણે સૌના દિલ જીતી લીધા હતા.મોડી રાત્રે દેશ-વિદેશમાંથી પધારેલા સૌ ખેલાડીઓ રાસ-ગરબા અને ડાન્સનો આનંદ લીધો હતો. સમયની અનુકૂળતા મુજબ તમામ ટીમોએ પોરબંદરમાં આવેલ શ્રી સાંદિપની સંકૂલ, કિર્તી મંદિર, સુદામાજીનું મંદિર, શીપિંગ યાર્ડ, લોઢિયા અંધજન પુસ્તકાલય તથા નયનરમ્ય ચોપાટીની મુલાકાત પણ લીધી હતી.

તા.૩૦ માર્ચ, ૨૦૧૯ ને શનિવારના રોજ સવારે પ્રથમ મેચ ગુજરાત વિભાગ અને ઉત્તર પૂર્વ વચ્ચે રમાઈ જેમાં ગુજરાત વિભાગ વિજયી બન્યું હતું.**(મેન ઓફ ધ મેચ : ધ્રુવ ઠક્કર)**, બીજી મેચ વિદર્ભ સહ મધ્યભારત અને સૌરાષ્ટ્ર વચ્ચે રમાઈ હતી જેમાં વિદર્ભ સહ મધ્યભારતની ટીમ વિજયી બની હતી **(મેન ઓફ ધ મેચ : પ્રતિક વસાણી)** ત્યારબાદની મેચ દક્ષિણ ભારત અને કચ્છ વિભાગ વચ્ચે રમાઈ જેમાં કચ્છ વિભાગની ટીમ વિજેતા બની હતી. **(મેન ઓફ ધ મેચ : હર્ષ ઠક્કર)** અને ચોથી મેચ વિદેશ વિભાગ અને મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની ટીમ વિજેતા બની હતી. **(મેન ઓફ ધ મેચ : પ્રશાંત કારીયા)** ત્યારબાદની મેચ વિદર્ભ સહ મધ્યભારત અને દક્ષિણ ભારત વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં વિદર્ભ સહ મધ્યભારતની ટીમ વિજેતા જાહેર થઈ હતી. **(મેન ઓફ ધ મેચ : રીતીક રાજા)**



તા.૩૧ માર્ચ, ૨૦૧૯ ને રવિવારના રોજ છેલ્લી મેચ ગુજરાત અને વિદેશ વિભાગ વચ્ચે રમાઈ હતી જેમાં ગુજરાતની ટીમ વિજેતા બની હતી. **(મેન ઓફ ધ મેચ : ધ્રુવ ઠક્કર)**

પ્રથમ સેમી ફાઈનલ મેચ કચ્છ અને વિદર્ભ સહ મધ્યભારત વચ્ચે રમાઈ હતી જેમાં કચ્છની ટીમ વિજેતા બની હતી. **(મેન ઓફ ધ મેચ : ક્રિષી પુજારા)** બીજી સેમી ફાઈનલ ગુજરાત વિભાગ અને મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ વચ્ચે યોજાઈ હતી જેમાં મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ વિજેતા બની ફાઈનલમાં પ્રવેશી હતી. **(મેન ઓફ ધ મેચ : જયેશ ઠક્કર)**

આ ટુર્નામેન્ટમાં ફેર પ્લે ટીમની ટ્રોફી ઉત્તર પૂર્વ વિભાગને ફાળે ગઈ હતી. **ઈમેજીંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ દક્ષિણ ભારતના ધ્યેય પાઉંને** એનાયત કરવામાં આવી જ્યારે **બેસ્ટ વિકેટ કીપરની ટ્રોફી દક્ષિણ ભારતના સુશીલ વસંતે** મેળવી હતી. **બેસ્ટ ફિલ્ડરની ટ્રોફી કચ્છના વંદન રેલોન** તેમજ **બેસ્ટ બોલરની ટ્રોફી દક્ષિણ ભારતના ઉપેન્દ્ર કોટકે** મેળવેલ હતી. આ જ રીતે **બેસ્ટ બેટ્સમેનની ટ્રોફી મુંબઈના જયેશ ઠક્કરના** ફાળે ગઈ હતી અને **મેન ઓફ ધ ફાઈનલ મેચની ટ્રોફી મુંબઈના જ વિશાલ રૂપારેલે** મેળવી હતી. **મેન ઓફ ધ ટુર્નામેન્ટ ગુજરાતના ધ્રુવ ઠક્કરને** એનાયત થયેલ હતી.

સાંજે ૬.૦૦ કલાકે કચ્છ અને મુંબઈ સહ મહારાષ્ટ્ર વચ્ચે યોજાયેલી ફાઈનલ મેચ સંપન્ન થતાં મુંબઈ સહ મહારાષ્ટ્રની ટીમ વિજેતા બની હતી. ત્યારબાદ તુરંત જ ભવ્યાતિભવ્ય રીતે યોજાયેલા સમાપન સમારોહમાં ખુબ મોટી સંખ્યામાં રઘુવંશી સમાજના સભ્યો અને શ્રી પોરબંદર લોહાણા મહાજન તેમજ અન્ય સંસ્થાઓના જ્ઞાતિશ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી આયોજકો અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમાપન સમારોહમાં























**કોમેન્ટેટર :** નિશાંત મજીઠીયા (ઓરીસ્સા), ઈન્દ્રેશ ગોકાણી (રાજકોટ)

**અમ્પાયર્સ :** રાજેશભાઈ ગોસ્વામી, રાજેન્દ્રભાઈ સેલારકા, નિકુંજભાઈ રાઠોડ

**સ્કોરર :** નિખિલભાઈ ઈન્દરીયા

      

   

રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા, શ્રી પોરબંદર લોહાણા મહાજનના મંત્રી શ્રી  રાજેશભાઈ લાખાણી, ટુર્નામેન્ટના મુખ્ય સહયોગી પરિવાર વતી શ્રી હેમંતભાઈ કાથરાણી, માતૃસંસ્થાના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સમાજશ્રેષ્ઠીઓ શ્રી નરોત્તમભાઈ પલાણ, શ્રી પદુભાઈ રાયચુરા, રમતગમત સમિતિના મંત્રી શ્રી પ્રકાશભાઈ ઠકરાર તથા અન્ય સભ્યોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કરી આયોજકો તથા ખેલાડીઓને બિરદાવ્યા હતા. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ક્રિકેટના માધ્યમથી સંગઠિત થઈ રહેલા આ યુવાનોને સ્થાનિક લેવલે પણ પોતપોતાના સંલગ્ન મહાજનોમાં પણ યુવાધન સમાજ ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ માટે પ્રેરાય અને તમામ પ્રકારના વ્યસનથી દૂર રહે તે માટે  ઉપસ્થિત યુવા મિત્રોને આહ્‌વાન કર્યું હતું. આ ટુર્નામેન્ટમાં  અગાઉથી સુનિશ્ચિત થયેલ દાતાશ્રીઓ ઉપરાંત  ચેમ્પિયન ટીમને ભારતીય ક્રિકેટ ટીમના રઘુવંશી રમતવીર જયદેવભાઈ ઉનડકટ તરફથી રૂા. ૫૧૦૦૦/- અને રનર્સ અપ ટીમને પોરબંદર લોહાણા મહાજન તરફથી રૂા. ૩૧,૦૦૦/- તથા શ્રી શશીકાંતભાઈ લાખાણી પરિવાર તરફથી રૂા. ૫૧,૦૦૦/-, શ્રી પદુભાઈ રાયચુરા તરફથી ૧૧,૦૦૦/- તેમજ સુશ્રી ભાવનાબેન મશરૂ તરફથી રૂા. ૧૦,૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયું હતું. સમાપન સમારોહમાં તમામ ટીમોને સ્મૃતિચિન્હ, સર્ટિફિકેટ તેમજ શ્રી હરીદાસ લાલ ટ્રસ્ટ વતી શ્રી જીતુભાઈ લાલ તરફથી સુંદર મજાની ટ્રાવેલ બેગ અર્પણ કરાઈ હતી. વિજેતા તથા રનર્સઅપ ટીમને સુંદર ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ મુખ્ય દાતા કાથરાણી પરિવાર, ટીમ સ્પોન્સરશ્રીઓ, લોકલ મહાજનો અને કાર્યકરોને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી ડૉ. રાજુભાઈ કોટેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

 



## સમાપન સમારોહ - ૩૧-૩-૨૦૧૯























# સમાપન સમારોહ - ૩૧-૩-૨૦૧૯

# પર્યાવરણ સમિતિ

**પાણી બચાવો,**
**જીવન બચાવો**







તારીખ ૩-૩-૧૯ના રોજ અમદાવાદ ખાતે ખીમજી ભગવાનદાસ આરસીટી ભાગવત અતિથિ ભવન, સોલા ખાતે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિની રાષ્ટ્રીય મીટીંગનું આયોજન કરેલ. અલ્પાહાર તથા રજીસ્ટ્રેશન બાદ, ભાગવત કોન્ફરન્સ હોલમાં શ્રી લોહાણા મહાપરિષદ ધ્વજવંદન ગીતનું પુરા અદબથી ગાન કરવામાં આવેલ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, સંયુક્ત મંત્રીઓશ્રી રઘુવીરભાઈ ગઢિયા તથા હર્ષદરાય ઠક્કર, વિદર્ભ સહ મધ્યભારત વિભાગના પીઆરઓ શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ (અમરાવતી)ની ઉપસ્થિતિમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણી, રાષ્ટ્રીય મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા (ગોંડલ), પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી શ્રી ભરતભાઈ રાજદે (ભુજ), ગુજરાત વિભાગના ઉપાધ્યક્ષશ્રી નિલેશભાઈ ઠક્કર, મંત્રી શ્રી નરોત્તમભાઈ ઠક્કર (અમદાવાદ), કચ્છ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ઠક્કર (ગાંધીધામ), વિદર્ભ સહ મધ્યભારત વિભાગના ઉપાધ્યક્ષશ્રી સુરેશભાઈ વસાણી (અમરાવતી), મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ (અમરાવતી), સૌરાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર (સરા), સંયુક્ત મંત્રી શ્રી જયભાઈ ઘેલાણી (રાજકોટ), મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષા શ્રીમતી વાસંતીબેન ગોકાણી (થાણે), મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર (મુંબઈ), સહમંત્રી શ્રી રસિકભાઈ લાખાણી (થાણે), તથા પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્યો શ્રી રવિરાજભાઈ ઠકરાર (ગોંડલ), શ્રીમતી નેહાબેન ઠક્કર (મુંબઈ), શ્રીમતી કોકીલાબેન સોમૈયા (થાણે), ડૉ.નંદકિશોરભાઈ લોહાણા (અમરાવતી), ડૉ. ધિરેન્દ્રભાઈ આડતીયા (અમરાવતી), શ્રી અનિલભાઈ ગાથા (અમરાવતી), શ્રી ભરતભાઈ બુધ્ધદેવ (અમરાવતી), શ્રી અશોકભાઈ વિઠલાણી (અમરાવતી), શ્રી ચંદ્રકાંતભાઈ મણીયાર (અમરાવતી), શ્રી વિજયભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી મનોજભાઈ ઠક્કર (રાધનપુર), શ્રી કિશોરભાઈ ઠક્કર (હારીજ), શ્રી ભરતભાઈ ઠક્કર (હારીજ), શ્રી મુકેશભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી જયભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી અલ્પેશભાઈ ગોવાણી (અમદાવાદ), શ્રી મનીષભાઈ સહાયતા (ભાભર), શ્રી રોહનભાઈ ઠક્કર (અમદાવાદ)આ મીટીંગમાં હાજર રહેલ.

એજન્ડા પ્રમાણે આગળ વધતાં ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ ઉપસ્થિત સૌએ પોતાનો પરિચય આપેલ. માતૃસંસ્થાના હોદેદારોશ્રી સૌનું ખેસ પહેરાવીને સ્વાગત કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય સંયુક્ત મંત્રી શ્રી ભરતભાઈ રાજદે દ્વારા ''પર્યાવરણ અને સમાજ'' વિષય એક સુંદર રજુઆત પ્રસ્તાવના રજુ કરવામાં આવેલ. ત્યારબાદ ગુજરાત વિભાગના ઉપાધ્યક્ષશ્રી નિલેશભાઈ ઠક્કર દ્વારા તેમના વિભાગમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ મંચસ્થ મહાનુભાવો સમક્ષ રજુ કરવામાં આવેલ તથા તેની કોપી શ્રી કિરીટભાઈ ભિમાણીને આપવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, ગુજરાત વિભાગ દ્વારા શ્રી કિરીટભાઈ ભિમાણીનું મેમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષા શ્રીમતી વાસંતીબેન ગોકાણી દ્વારા તેમના વિભાગમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ મંચસ્થ મહાનુભાવો સમક્ષ રજુ કરવામાં આવેલ તથા તેની કોપી શ્રી












કિરીટભાઈ ભિમાણીને આપવામાં આવેલ તથા પર્યાવરણ સમિતિના ''સે નો ટુ પ્લાસ્ટિક'' અભિયાન અંતર્ગત સૌને પેપર બેગ્સ આપવામાં આવેલ. વિદર્ભ સહ મધ્યભારત વિભાગના મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ દ્વારા તેમના વિભાગમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ મંચસ્થ મહાનુભાવો સમક્ષ રજુ કરવામાં આવેલ. વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા માતૃસંસ્થાના હોદેદારોના વરદહસ્તે ''ક્લીન પ્લેટ કેમ્પેઈન'' અન્ન બચાવો... જીવન બચાવો અભિયાન અંતર્ગત લોંચ કરવામાં આવેલ તથા માતૃપિતૃ પૂજન કાર્યક્રમનું બ્રોશર લોંચ કરવામાં આવેલ. કચ્છ વિભાગના ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ઠક્કર દ્વારા તેમના વિભાગમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ મંચસ્થ મહાનુભાવો સમક્ષ રજુ કરવામાં આવેલ. સૌરાષ્ટ્ર વિભાગનો અહેવાલ શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા રજુ કરવામાં આવેલ ત્યારબાદ પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય હોદેદારો દ્વારા શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા તૈયાર કરાયેલ એક ફોટો કોલાજની ભેટ શ્રી કિરીટભાઈ ભિમાણીને યાદી સ્વરૂપે આપી શ્રી કિરીટભાઈના પર્યાવરણ પ્રેમને બિરદાવવામાં આવેલ. મીટીંગ દરમ્યાન સૌને ડ્રાયફ્રુટ, ચોકલેટ્સ તથા લીંબુ સરબત પિરસવામાં આવેલ.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીએ પોતાની ટૂંકી તથા અસરકારક સ્પીચમાં વિવિધ વિસ્તારમાં થયેલ પર્યાવરણની પ્રવૃત્તિઓને વખાણી હતી તેમજ આવનારા સમયમાં બધાને હજી વધારે ઉત્સાહથી માતૃસંસ્થા માટે કામ કરવા માટે પ્રેરણા આપેલ. તેમને પર્યાવરણ સમિતિના આગામી કાર્યક્રમોની રૂપરેખા તથા કાર્યક્રમો માટે માર્ગદર્શન આપેલ. તેમની સ્પીચને ઉપસ્થિત સૌએ તાળીઓ તથા સ્ટેન્ડિંગ ઓવેશનથી વધાવેલ. ત્યારબાદ પર્યાવરણ સમિતિને વધુ સમૃધ્ધ બનાવવા માટે ઉપસ્થિત સભ્યો દ્વારા સૂચનો માંગવામાં આવેલ તથા તેના પર ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા કિરીટભાઈ તથા તેમના સમગ્ર ટીમને વિવિધ પ્રવૃત્તિ માટે અભિનંદન આપવામાં આવેલ અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ તથા વર્તમાન સમયમાં ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી દ્વારા એક પુષ્પનું પ્રતિકાત્મક ઉદાહરણ આપી પુષ્પની સુવાસ, સૌંદર્ય અને સત્વને સમજી માતૃસંસ્થાના કાર્યો કરવા માટે ભક્તિ, કર્મ અને જ્ઞાનનું ખૂબ જ રસપ્રદ માર્ગદર્શન આપેલ. આ મીટીંગનું સંચાલન સુંદર રીતે પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા કરવામાં આવેલ અને આભારવિધિ ગુજરાત વિભાગના ઉપાધ્યક્ષ શ્રી નિલેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ. મીટીંગ પૂર્ણ થયા બાદ સૌએ ભોજન પ્રસાદમાં ગ્રીન મેનુની મજા માણી હતી. ત્યારબાદ ખીમજી ભગવાનદાસ આરસીટી ભાગવત અતિથિ ભવન, સોલા ખાતે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ અને માતૃસંસ્થાના હોદેદારો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.



- કિરીટ ભિમાણી, અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ






તા. ૨૨-૩-૨૦૧૯ (વિશ્વ જળ દિવસ) નિમિત્તે વેજલપુર, અમદાવાદ ખાતે જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્ટેટસ સ્ટડી સેન્ટર સંચાલિત અને શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ પ્રેરિત પાણી બચાવો - જીવન બચાવો અભિયાન અંતર્ગત ઠંડા પાણીની પરબનું જાહેરજનતા માટે સતત ચોથા વર્ષે લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે પક્ષીઓ માટે કુંડા વિતરણ પણ કરવામાં આવ્યું. આ તબક્કે જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મુકેશભાઈ ગોવાણી, ટ્રસ્ટના મંત્રી શ્રી અલ્પેશભાઈ ગોવાણી, શ્રી લોહાણા મહાપરિષદના યુવા અને બાહોશ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ હરિયાળી ક્રાંતિના પ્રણેતા અને પ્રકૃતિ પ્રેમી એવા શ્રી કિરીટભાઈ ભિમાણી, શ્રી નિલેશભાઈ ઠક્કર, લોહાણા મિલન વતી શ્રી પી.જી. અખાણી સાહેબ, પર્યાવરણ સમિતિના હોદ્દેદારો શ્રી હિતેનભાઈ ઠક્કર, શ્રી મુકેશભાઈ ઠક્કર, શ્રી નૈમેશભાઈ ઠક્કર, જય જલિયાણ સત્સંગ મંડળ વેજલપુરના તમામ હોદ્દેદારો શ્રી વિપુલભાઈ ગોવાણી, શ્રી સુનિલભાઈ કોટક, શ્રી મનિષભાઈ ગોકલાણી, મુકુંદભાઈ ઠક્કર, રમેશભાઈ ઠક્કર, રાજુભાઈ રાવલ, ઋષિકેશભાઈ ઓઝા, અલ્પેશભાઈ ઠક્કર, સ્નેહલભાઈ ઠક્કર, નિરવભાઈ ઠક્કર, અલ્પેશભાઈ ઠક્કર, ભાવેશભાઈ ગોવાણી તથા અન્ય નગરજનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી.

## થેલેસેમિયા સમિતિ

### સમાજના યુવાન દિકરા દિકરીઓ માટે થેલેસેમિયા રક્ત પરિક્ષણ અભિયાન



શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા દેશભરના મહાજનોમાં થેલેસેમિયા મેજર રોગની ગંભીરતા સમજી યુવાન દિકરા દિકરીઓ લગ્ન સંબંધોથી જોડાય તે પૂર્વે થેલેસેમિયા રક્ત પરિક્ષણ અવશ્ય થાય અને બે થેલેસેમિયા માઈનોર સભ્યો લગ્નગ્રંથિથી ન જોડાય તે માટે સંનિષ્ઠ પ્રયત્નો મહાજનશ્રીઓ, સંસ્થાઓ અને સમાજ શ્રેષ્ઠીઓના સાથ સહકારથી થઈ રહ્યા છે. છેલ્લા છ માસમાં આ પ્રયત્નોના મીઠાં પરિણામો પણ  મળ્યાં છે. એક પણ  નવું થેલેસેમિયા મેજર બાળક તાજેતરમાં જન્મ્યું હોવાના સમાચાર નથી તે આપણા સૌ માટે આનંદની બાબત છે. થોડાંક વર્ષો સુધી જો આ જ પ્રકારે જાગૃત રહી આ પ્રયત્નો આપણે ચાલુ રાખીશું તો સમગ્ર સમાજમાંથી થેલેસેમિયા મેજર નામની મહાભયાનક બીમારીને જડમૂળથી નાબૂદ કરવામાં સફળ રહીશું. તાજેતરમાં જ અમદાવાદની સુવિખ્યાત પ્રથમા બ્લડ બેંક સાથે પણ સમજૂતિકરાર કરી થેલેસેમિયા નાબૂદી અભિયાન અંતર્ગત થેલેસેમિયા રક્ત પરિક્ષણ માટે શ્રી લોહાણા મહાપરિષદને પ્રથમા બ્લડ બેંકનો પણ સુંદર સહયોગ સાંપડ્યો છે. આ તબક્કે તમામ મહાજનો તથા સમાજસેવી સંસ્થાઓને પોતપોતાના કાર્યક્ષેત્રમાં આ બાબતે ઘટતું કરવા અમો નમ્ર અપીલ કરીએ છીએ.

ડૉ. રમેશ ભાયાણી
અધ્યક્ષ - થેલેસેમિયા સમિતિ

ભરત ઉનડકટ
ઉપાધ્યક્ષ - થેલેસેમિયા સમિતિ

# મહિલા સંમેલન : બેંગલોર














પરમ કૃપાળુ સંત શિરોમણી પૂ. જલારામ બાપાની અસીમ કૃપાથી અમારી શ્રી દ.ભા.લો.મહિલા મીટીંગ તથા શ્રી લોહાણા મહાપરિષદની મહિલા સંમેલન તા. ૨ અને ૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ શ્રી જલારામ ધામ બેંગલોર મુકામે ખુબ જ સરસ રીતે સંપન્ન થઈ. બેંગલોર મહિલા મંડળે ખૂબજ સરસ રીતે આયોજન કરેલ. તા.૨ શનિવારે સવારે રજીસ્ટ્રેશન બાદ નાસ્તાની વ્યવસ્થા હતી. બાદ શ્રી દ.ભા.લો.મહિલા મીટીંગ મળી. શરૂઆત ગણેશવંદનાથી થઈ, બાદ બેંગલોર મહિલાઓએ સ્વાગત ગીત ગાઈ બધાનું સ્વાગત કર્યું. બાદમાં પ્રોગ્રામની શરૂઆત થઈ. દરેક ગામથી આવેલ બહેનોએ પોતાના ગામમાં થતી પ્રવૃત્તિની માહિતી આપી. બાદ શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી ડૉ. નિમાબેન આચાર્ય, અલકાબેન કોટક, શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, ધીરજબેન પોપટ, શીલાબેન, ગીતાબેન ગઠીયા તથા જ્યોતિબેન ઠક્કરની હાજરીમાં દીપ પ્રાગટ્ય થયું. બેંગલોર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ખીરૈયાએ સ્પીચ આપી મહાપરિષદના બહેનોનું સ્વાગત કર્યું. બાદ મંચ ઉપર બિરાજેલા શ્રીમતી નિમાબેન આચાર્ય, રશ્મીબેન વિઠલાણી, વીમુબેન સોઢા, જ્યોતિબેન જોબનપુત્રા દરેકે પોતપોતાના મંતવ્યો રજુ કર્યા.

શ્રી દ.ભા.લો.મહિલા બહેનો માટે એક ડીબેટ રાખેલ. ''મહિલા સંમેલનને સકારાત્મક અભિગમ સાથે રસપ્રદ કેમ બનાવવા?'' તે વિષય ઉપર ડીબેટ રાખેલ. દરેક ગામમાંથી બે મહિલાને બે મિનિટ માટે સમય આપેલ. બહેનોએ ખુબ જ સરસ રીતે પોતાના મંતવ્યો રજુ કરેલ. બાદ લંચ ટાઈમ હોવાથી બધાએ પોતાના મનભાવતા ભોજનનો સ્વાદ માણ્યો. બાદ આરામ કરી સાંજે ૪ વાગ્યે શ્રીમતી નિમાબેનને સાંભળવાના હતા. બધા ફરીથી વીરબાઈ ભવનમાં હાજર થયા. બેંગલોર મહિલા મંડળે નારી શક્તિ માટે વીરબાઈ હોલ પસંદ કરેલ. સુંદર આયોજન કરેલ, ત્યાં નિમાબેને તેમનો પરિચય આપ્યો અને તેમની મધુર વાણીનો સ્વાદ બધાએ માણ્યો અને ખૂબ જ શાંતિથી સાંભળેલ. અમને નિમાબેન સાથે રહેવા તથા સાંભળવા સમય ઓછો થયો.

ખરેખર સલામ કરવા પ્રેરે એવું વ્યક્તિત્વ ધરાવતા નિમાબેને બધાના દિલ જીતી લીધી. રાત્રે શ્રી જલારામ ભવનમાં શ્રી હિતેષભાઈ મહેતાએ મ્યુઝીકલ તંબોલા રમાડેલ અને બધાને ખુબ જ મજા કરાવી. હિતેષભાઈ ગાયક છે ગરબા ભજન ખુબ જ સરસ ગાય છે. તો ગરબા ગવડાવી બહેનોને ગરબા રમાડ્યા. ખુબ જ મજા કરાવી ગીતોની રમઝટ પણ બોલાવેલ.

બીજા દિવસે રવિવારે બધાને શ્રી પ્રવિણભાઈ કોટક કે જે આપણા મહાપરિષદના પ્રમુખ છે તેમના કહેવાથી તથા શ્રી અમુભાઈ રૂખાણાના (બેંગલોર)ના સાથથી દરેકને રાજભવનમાં જવા મળ્યું. બધા બહુ ખુશ થયા. ત્યાં બધાએ નાસ્તો કર્યો, ફોટોઝ પાડ્યા, બધે ફર્યા અને બધાએ લંચ લીધું. નિમાબેનનું બહુમાન કર્યું અને છેલ્લે છુટા પડ્યા અને નિમાબેન માટે સર્વે બહેનો ગાવા લાગી.

''અભી ના જાઓ છોડ કે - કે દીલ અભિ ભરા નહીં..''

સાયોનારા.... સાયોનારા... ખુબ મજા કરી બધા છૂટા પડ્યા. ખરેખર શ્રી બેંગલોર લોહાણા મહિલા મંડળે બધાને ખુબ ખુબ મજા કરાવી.

- સંકલન : ધીરજબેન પોપટ

# સંસ્થા સમાચાર

## અમદાવાદ

### શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ અંતર્ગત થેલેસેમિયા ડે કેર સેન્ટર ખાતે બ્લડ ટ્રાન્સ્ફ્યુઝન સેન્ટરની શરૂઆત.

તા. ૧-૨-૨૦૧૮નાં રોજ સિવીલ હોસ્પીટલની (અસારવા, અસદાવાદ) સામે, અકાર્યરત થયેલ ''થેલેસેમિયા ડે કેર સેન્ટર'' માં થેલેસેમિયાગ્રસ્ત બાળકો તથા તેમનાં વાલીઓને આખાય દિવસ દરમ્યાન તમામ પાયાનાં પ્રશ્નોનો ઉકેલ જેવાં કે નાસ્તા, ભોજન, ચ્હા-દૂધ, પાણી, આરામ, નાના બાળકો મોટી ઘોડિયાઘર વગેરેની વ્યવસ્થા, તેમની સગવડ માટે રમકડાં ઘર, ટી.વી. રૂમ, લાયબ્રેરી, સ્વચ્છ સેનીટેશન ઉપરાંત બાળકોનું યોગ્ય હેલ્થ મોનીટરીંગ, મેડીકલ ચેકઅપ, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશન કાઉન્સેલીંગ, નિષ્ણાત ડોક્ટર્સ દ્વારા માર્ગદર્શન વિગેરે અનેકાવિધ પ્રવૃત્તિઓ સતત ચાલે છે.

થેલેસેમિયા ગ્રસ્ત એક ૧૨ વર્ષની દીકરી કુ. રીયા રાજપુતનું તેની આ બીમારીનાં કારણે અવસાન થયું. કુ. રીયાની પૂણ્યસ્મૃતિમાં 'કુ.રીયા બ્લડ ટ્રાન્સફ્યુઝન સેન્ટર' ના નામાભિધાન સાથે બેંગ્લોર સ્થિત એનજીઓ સંકલ્પ ઇન્ડિયા ફાઉન્ડેશન અને અમદાવાદ શહેરની પ્રથમા બ્લડ બેંક તથા સર્વોદય બ્લડ બેંકને ઔપચારિક કરારથી જોડી તેઓનાં સહકારથી આ લોહી ચઢાવવાનાં કેન્દ્રની શુભ શરૂઆત તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ ના દિને જર્મનીનાં વિખ્યાત પિડિયાટ્રીક હેમેટોઓન્કોલોજીસ્ટ ડૉ. લોરેન્સ ફોકનરનાં શુભ હસ્તે કરવામાં આવી. પૂર્ણ સમયનાં ડૉક્ટર, નર્સિંગ સ્ટાફ તેમજ સુંદર વ્યવસ્થાઓથી સજ્જ આ કેન્દ્ર થેલેસેમિક બાળકો અને તેમનાં વાલીઓની આસ્થા અને વિશ્વાસની સાથે સાથે ગુજરાત રાજ્યનું એક આદર્શ કોમ્પ્રીહેન્સીવ ડે કેર સેન્ટર બન્યું છે. શ્રી યોગેશભાઈ લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ તમામ ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, સમર્પિત કાર્યકર્તાઓ, સ્ટાફ તથા સમગ્ર ટીમના અમૂલ્ય સાથ સહકારથી ડે કેર સેન્ટરની તમામ પ્રવૃત્તિઓ નિઃશુલ્ક ચાલી રહી છે.

દાતાશ્રીઓની સગવડ માટે સંસ્થાએ ઇન્કમટેક્સની કલમ ૮૦ (જી) હેઠળની માન્યતા પણ મેળવેલ છે.

## મુલુંડ

કચ્છના દુષ્કાળગ્રસ્ત ગૌ વંશને સહાયભૂત થવાના ઉમદા ઉદેશ સાથે શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ દ્વારા તા. ૨૩-૧૨-૨૦૧૮થી તા. ૩૦-૧૨-૨૦૧૮ સુધી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી (સાંદીપની ધામ) મુલુંડમાં કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ વિરાજમાન વિશ્વ વિખ્યાત ભાગવતાચાર્ય શ્રી નાનાલાલ રાજ્યગુરૂએ વ્યાસપીઠ પરથી કથામાં ગૌ પ્રેમ વિકસાવવાની વાત સાથે ગાયોની મદદના ઉદેશને સારી રીતે વણી લીધો હતો. માજી નગરસેવિકા, સમાજ અગ્રણી શ્રીમતી પ્રભાબેન પોપટે લગભગ દરરોજ ગાયો માટે દાન આપવાની પોતાની આગવી શૈલીમાં અપીલ કરી હતી. મુખ્ય આચાર્ય શ્રી દીપક ખરાશંકર પંડ્યા મહારાજ હતા. આયોજનથી ખર્ચ બાદ કરીને વધારાનું ભંડોળ માદરે વતન કચ્છની જીવન જીવવા વલખા મારતી ગાયો માટે વપરાશે, તેમાં પણ રસ્તે રઝળતી, દૂધ નહિ આપતી, બિન ઉપજાઉ ગાયોને સહાય કરવાની પ્રાથમિકતા શ્રી કચ્છી લોહાણા વિશ્વ મંચ દ્વારા આપવામાં આવી છે.

ભાગવત સપ્તાહના દરમ્યાન ભાવિકોની વિશાળ સંખ્યા જોવા મળી હતી. મહાજનવાડીના ગેટ સુધી બેસીને ભાગવત કથા સાંભળી હતી, જેથી મોટા એલ.ઈ.ડી. સ્ક્રીન અને પ્લાઝમા ટીવીની ઉપયોગિતા પૂરવાર થઈ હતી. વિશાળ બેકડ્રોપ બેનરમાં કૃષ્ણ જીવનના દશ્યો સાથે ગાય સહાય માટેના મુક્તકો, બધા થાંભલાઓ પર ગાયની મોટી પ્રતિકૃતિ અને તેની નીચે ગાય માતાની વ્યથાને વાચા આપતા સુવિચારો, પ્રવેશદ્વાર પર પણ ગાયોના વૃંદ સાથેની કાવ્યાત્મક અપીલ, ગાયના કટઆઉટ સાથેના ગોલખ, સાંદીપનીધામ (મહાજનવાડી)ને ગોકુલધામમાં પ્રતિબિંબિત કરતું હતું. તેમાં ૫૫૦ જેટલી રામકથા અને ૩૦૦ જેટલી ભાગવત કથાઓ દેશ વિદેશમાં કરેલ. વિશ્વ વિખ્યાત ભાગવતાચાર્ય પૂ.શ્રી નાનાલાલ રાજ્યગુરૂની રસમય ભાગવત કથા ભાવિકોને ભાવપ્રવાહમાં તરબોળ કરી દીધા હતા. ડોંગરેજી મહારાજની સ્મૃતિ તાજી કરીને ભાવિકો કથા માણીને સહજ પ્રતિભાવ આપતા હતા કે બાપુએ તો મોજ કરાવી દીધી. આ બધાની સાનુકૂળ અસર થઈ. આયોજકો ઉદેશની વધુ નજીક પહોંચી શક્યા છે. ભાગવત સપ્તાહ દરમ્યાન ગાયો માટે દાન આપવાની ભાવના વધુ ગાઢ થતી જોવા મળી હતી. વ્યક્તિગત રીતે તેમજ સામાજિક સંસ્થાઓએ, મંડળોએ દાનની રકમો જાહેર કરી હતી. વિશેષતા એ છે કે, પૂ.બાપુ પોથી યજમાનોના ભૂદેવો અને મુખ્ય આચાર્ય પણ ગાયો માટે મોટી રકમનું દાન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે નાના મોટા દાનના પ્રવાહમાં મુલુંડ ઢોલી સમાજ પણ સામેલ થયો. ઢોલી સમાજે ગાયો માટે મોટું દાન કથા દરમ્યાન આપ્યું. અહીં થયેલી ગોર પણ ગાયો માટે આપી. કચ્છમાં વરસાદ ન પડે ત્યાં સુધી કાર્યક્રમોની વધારાની કમાણી ગાયો માટે આપવાનો નિર્ધાર કર્યો છે. ગાય અને વીર જવાન પોથી સાથે જસરાજ દાદાની પોથી રાખવામાં આવી હતી. વીર જસરાજદાદાની વિચારસરણીવાળા જસરાજદાદા મંડળે પણ ગાયો માટે દાન આપ્યું હતું. બાપુને કચ્છી પાઘડી પહેરાવી એમના આશીર્વાદ મેળવ્યા હતા. નાતાલ કે પોતાના જન્મ દિવસની ઉજવણી ન કરતાં બાળકો, તો ડૉક્ટર તરીકેની પોતાની પ્રેક્ટિસની પ્રથમ રકમ ગાયો માટે દાનમાં આપી ડૉક્ટરે પણ અનુકરણીય પૂરા પાડ્યા હતા. સંકલન : મહામંત્રી પરસોત્તમ પુંજાણી

## કલ્યાણ

કલ્યાણમાં વસતા સમસ્ત ગુજરાતી જ્ઞાતિ સમાજો વચ્ચે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ''સન્ડે ક્રિકેટ કલબ'' દ્વારા રવિવાર તા. ૬-૧૨-૨૦૧૯ના સુભાષ મેદાન, કલ્યાણ ખાતે કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં વિવિધ સમાજોની ૧૦ ટીમે ભાગ લીધો હતો. રૂખી સમાજ સામેની રસાકસીભરી ફાઈનલ મેચ લોહાણા જ્ઞાતિની ''શ્રી કલ્યાણ લોહાણા મહાજન''ની ટીમે જીતી લીધી હતી. આમ ગયા વર્ષની વિજેતા ટીમે આ વર્ષે પણ 'ગુજરાતી કપ' પોતાની પાસે જાળવી રાખ્યો છે. શ્રી લોહાણા સમાજ સંગઠન (કોંકણ વિભાગ) થાણા, રાયગઢ, જવ્હાર, સિંધુદુર્ગ અને રત્નાગિરિ જીલ્લાના ૨૮ મહાજનોના સંગઠનમાંના ૧૦ મહાજનોની ટીમે શ્રી ખપોલી - પરલી - જાંબુલપાડા લોહાણા મહાજનના યજમાનપદે સ્વામિનારાયણ ગુરૂકુળના મેદાનમાં રવિવાર તા. ૬-૧-૨૦૧૯ના યોજાયેલ ઓવર આર્મ ક્રિકેટ ટુર્નામેન્ટમાં, ખૂબ જ ઉત્તેજનાભરી ફાઈનલ મેચમાં શ્રી કલ્યાણ લોહાણા મહાજનની ટીમ ઉપવિજેતા (રનર્સ-અપ) બની હતી. શ્રી ડોંબિવલી લોહાણા સમાજની ટીમ વિજેતા બની હતી. એક જ દિવસે યોજાયેલ ઉપરોક્ત બંને ટુર્નામેન્ટમાં શ્રી કલ્યાણ લોહાણા મહાજને બે જુદી જુદી ટીમોને સ્પર્ધામાં ઉતારી ફતેહ મેળવી છે. શ્રી કલ્યાણ લોહાણા મહાજનના કાર્યકર્તાઓ અને સર્વે રમતવીરોને હાર્દિક અભિનંદન..

## કલ્યાણ

કલ્યાણ : તા. ૨૮-૨-૨૦૧૯ મહા વદ દસમ ના સાંજે માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી ખાતે સંત શિરોમણી, પ્રાતઃસ્મરણીય, પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૧૩૮મી પુણ્યતિથિ, કલ્યાણ અને કોનમાં વસતા સમસ્ત લોહાણા જ્ઞાતિ પરિવારોના શ્રી કલ્યાણ લોહાણા મહાજનશ્રી દ્વારા પૂજ્ય બાપાના વિચારો, ''સર્વજન હિતાય, સર્વજન સુખાય''ને અનુરૂપ બાપાના જીવનચરિત્રની ઝાંખી કરાવતા ભજન, ધૂન અને દોહા - છંદની સુંદર રજુઆત રાધા ભજન મંડળની બહેનોએ કરી હતી. મહાજન પ્રમુખ શ્રી જયેશભાઈ કારિયાએ તેમની ભાવવાહી શૈલીમાં પૂજ્ય જલારામ બાપાની જીવન - ઝરમરની સુંદર રજુઆત કરી હતી. શ્રી કલ્યાણ લોહાણા મહાજનના થાનાઈ શ્રી વિમલભાઈ લહેરૂએ પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાનું પૂજન - અર્ચન અને આરતીની વિધિ માનદ્ મંત્રી શ્રી ચંદુભાઈ મજીઠિયા અને જ્યોત્સનાબેનને યુગલ સ્વરૂપે કરાવી હતી. મહાજન પ્રમુક શ્રી જયેશભાઈ કારિયા, સહમંત્રી શ્રી વિરેન્દ્રભાઈ પોપટ, વયસ્ક પ્રમુખ શ્રી ભૂપતભાઈ પંચમતિયા અને ચેરમેન શ્રી ત્રિભુવનભાઈ મજીઠિયા, મહિલા અધ્યક્ષ શ્રીમતી પ્રીતિબેન ઠક્કર વગેરેએ પૂજનમાં ભાગ લીધો હતો. લોહાણાઓના સંત શ્રી જલારામ બાપાના સત્કાર્યોને બિરદાવતા તેમના વિચારોને જીવનમાં ઉતારવાના નિર્ધાર સાથે પૂજ્ય જલારામ બાપાને માન સહ આદરાંજલિ આપવામાં આવી હતી.

## વડોદરા

શ્રી રઘુવંશી લોહાણા મહાજન, વડોદરાના દર વર્ષે ઉજવાતા 'વિન્ટર સ્પોર્ટસ ડે'નું આયોજન તા. ૩-૨-૨૦૧૯ના રોજ 'કેન સફારી ગોલ્ફ અને રીસોર્ટ' ખાતે કરવામાં આવ્યું. નાના ભૂલકાઓ, યુવાનો અને વયસ્કો સુધીના આશરે ૧૫૦ સ્પર્ધકોએ આ રમતોત્સવમાં ભાગ લીધેલ. બધા જ બાળકો ઉપરાંત ઉંમર પ્રમાણે લેડીઝ અને જેન્ટ્સ વિજેતાઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

**સંકલન : રમણિકભાઈ જોબનપુત્રા**

## ભુજ

ભુજ લોહાણા મહાજન દ્વારા પ.પૂ.શ્રી દરિયાલાલજીની જન્મ જયંતિ (ચૈત્ર સુદ-બીજ) તા. ૬-૪-૨૦૧૯ ને શનિવારના રોજ હરહંમેશ મુજબ ભક્તિભાવથી ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યું. તે દિવસે સવારે પૂજનવિધિ, મહા આરતી અને જલયાત્રા તથા સાંજે શોભાયાત્રા ત્યારબાદ અંદાજે ૧૫૦૦૦ જ્ઞાતિજનોની ઉપસ્થિતિએ ભોજન મહાપ્રસાદ તથા ભક્તિ સંગીત, ભજનનાં કાર્યક્રમનું આયોજન થયું. વર્તમાન પ્રમુખ શ્રી કિરણભાઈ એમ. ગણાત્રા દ્વારા ઉપરોક્ત આયોજન તા. ૫-૪-૨૦૧૯ ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું જેમાં જ્ઞાતિશ્રેષ્ઠીઓ, સહભાગી સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ તથા ચૈત્રી ચંદ્રની ઉજવણીને સફળ બનાવવા સહભાગી જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

**સંકલન : સતીષભાઈ પી. શેઠીયા**

# શાબાશ રઘુવંશી



## મનોજભાઈ કોટક, મુંબઈ

તાજેતરમાં જ ભારત સરકાર માટે યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણીમાં મુંબઈ (ઈશાન) માટે સંસદમાં પ્રતિનિધિત્વ માટે આપની પસંદગી થઈ છે જે આપની પક્ષ અને રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાની ફળશ્રુતિ છે. આપ જેવા સક્રિય અને સંનિષ્ઠ સેવકો દ્વારા લાખો સામાન્ય નાગરિકોના જીવનધોરણમાં પરિવર્તન આવી શકે છે. તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ યોજાનારી લોકસભાના આ ચૂંટણી પર્વમાં આપને મતપેટીઓ દ્વારા જનતા જનાર્દનના વ્યાપક આશીર્વાદ મળે અને રઘુવંશી સમાજનું નામ રોશન કરો તેવી અભ્યર્થના સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ટ્રસ્ટી મંડળ અને સમગ્ર ટીમ વતી આપને ખુબ ખુબ અભિનંદન...



## ભરતભાઈ ઉનડકટ - સમસ્ત લોહાણા મિલન, અમદાવાદ

અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થા સમસ્ત લોહાણા મિલનના પ્રમુખ તરીકે વરણી થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન. ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષ સુધી શ્રી નીતીનભાઈ ઠક્કરે (નવભારત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ), અધ્યક્ષ યાત્રા પ્રવાસન સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ) પ્રમુખ તરીકે જવાબદારી સંપન્ન કરી શ્રી ભરતભાઈ ઉનડકટને આ જવાબદારી સોંપી છે.



## વિનીતભાઈ ચુનીલાલ મજીઠીયા, અમદાવાદ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદના પ્રમુખ તરીકે શ્રી વિનીતભાઈ ચુનીલાલ મજીઠીયાની નિમણૂક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખુબ ખુબ અભિનંદન. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ તા. ૭ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ શ્રી દરિયાલાલ જયંતીના શુભ દિવસે શ્રી હિમાંશુભાઈ ઠક્કર (મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ) તેમના કાર્યકાળ અનેકવિધ પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો સાથે પૂર્ણ કરી પ્રમુખ તરીકેની જવાબદારી સમગ્ર ટ્રસ્ટી મંડળ વતી શ્રી વિનીતભાઈ મજીઠીયાને સોંપેલ.



## ડો. કેતુલ પોપટ, યુ.એસ.એ.

કોલારાડો સ્ટેટ યુનિ., યુ.એસ.એ.ના એસોસિએટ પ્રોફેસર તેમજ લોહાણા સમાજના મુકસેવક અને કેળવણીકાર શ્રી કે.આઈ. ઠક્કરના દોહિત્ર પ્રોફેસર ડૉ. કેતુલ સી. પોપટને તાજેતરમાં જ પોતાના કેમિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાનને લઈને અમેરિકી સરકાર દ્વારા ''આઉટ સ્ટેન્ડિંગ ઈન્ટરનેશનલ કોન્ટ્રીબ્યુશન્સ''નો ખિતાબ આપી નવાજવામાં આવ્યા. સમગ્ર રઘુવંશી સમાજના ગૌરવરૂપ ડૉ. કેતુલ ચન્દ્રકાન્ત પોપટને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ ખુબ ખુબ અભિનંદન.



## જીજ્ઞેશ કારીયા, પોરબંદર

પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના બંધારણ મુજબ આગામી બે વર્ષ માટે ૧૦ સભ્યોની ચૂંટણી બેલેટ પધ્ધતિથી ચેમ્બર ઓફ કોમર્સના બિલ્ડિંગમાં યોજાઈ હતી. જેનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ જીજ્ઞેશ કારીયાની પેનલના ૧૦માંથી ૮ ઉમેદવારો વિજેતા બન્યા હતા. શ્રી જીજ્ઞેશભાઈને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન.



## બિંદી વિવેક પાબારી, મુંબઈ

ખ્યાતનામ મેનેજમેન્ટ કોલેજ, આઈઆઈએમ ઈન્દોરથી પીજીપીનો કોર્સ પૂર્ણ કરી ઈન્દોર મુકામે યોજાયેલા કોન્વેકેશન સમારોહમાં પોસ્ટ ગ્રેજ્યુએટ પોગ્રામ ઈન મેનેજમેન્ટ ફોર એક્ઝિક્યુટિવ ડિગ્રી મેળવવા બદલ બિંદીબેન વિવેકભાઈ પાબારીને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખુબ ખુબ અભિનંદન. ઉલ્લેખનીય છે કે, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરના બેન અત્રે ટાટા સ્કાય કંપનીમાં વરલી મુંબઈ ખાતે આવેલી નેશનલ હેડ ઑફિસમાં પોતાની ફરજ નિભાવી રહ્યા છે.

# દુબઈ : ગ્લોબલ લોહાણા કન્વેન્શન/કારોબારી સમિતિની બેઠકમાં ભાગ લઈ રહેલ સભ્યશ્રીઓ જોગ





દુબઈ ખાતે વસતા રઘુવંશી શ્રેષ્ઠીઓ શ્રી મુકુંદભાઈ ઠક્કર, શ્રી હરીશભાઈ પવાની, શ્રી ભરતભાઈ રૂપારેલ તથા અન્ય શ્રેષ્ઠીઓના ઉત્સાહ અને આમંત્રણથી શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી સમિતિની બેઠક તેમજ ગ્લોબલ લોહાણા કન્વેન્શન યુ.એ.ઈ. લોહાણા મહાજનના યજમાનપદે દુબઈ મુકામે તા. ૨૧ જૂન, ૨૦૧૯ના રોજ યોજાશે. આ અંગે આગોતરી જાણ અને કાર્યક્રમની રૂપરેખા તમામ સભ્યોને ઈમેલ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. વિસ્તૃત એજન્ડા સમયાનુસાર મે માસમાં ઈમેલથી મોકલી આપવામાં આવશે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની નિયમિત રીતે સમયાંતરે યોજાતી કારોબારી સમિતિની બેઠકમાં હાજરી આપતા સભ્યો જ આ કન્વેન્શનમાં આમંત્રિત / અપેક્ષિત છે. યજમાન યુ.એ.ઈ. લોહાણા મહાજન સાથે સુનિશ્ચિત કરાયા મુજબ વિશ્વભરમાંથી રઘુવંશી પ્રતિનિધિઓ તા. ૨૦ જૂનને ગુરૂવારના રોજ બપોર સુધીમાં ઉતારા સ્થળ (હોટલ ગ્રાન્ડ એક્ષેલ્સર, બરદુબઈ) પહોંચે તે અપેક્ષિત છે.

**તા. ૨૦ જૂન, ૨૦૧૯ સાંજે ૫.૦૦ કલાકેથી એકબીજા સાથે પરિચય તથા ઔપચારિક મિટીંગ. (ડેઝર્ટ સફારી મુકામે)**

**તા. ૨૧ જૂન, ૨૦૧૯ પ્રથમ સત્ર .. કારોબારી સમિતિની બેઠક.**

**દ્વિતીય તથા તૃતીય સત્ર ગ્લોબલ લોહાણા કન્વેનશન અંતર્ગત. ચાર ડિબેટ સેસન (હોટલના બેન્કવેટ હોલમાં)**

દુબઈ યુ.એ.ઈ. ખાતે યોજાનારા આ બે દિવસીય કાર્યક્રમમાં માતૃસંસ્થાના આંતરરાષ્ટ્રીય મંચ ઉપરથી યોજાનારા ગ્લોબલ લોહાણા કન્વેન્શન - ૨માં વૈશ્વિક સ્તરે જ્ઞાતિસંસ્થાઓનું માતૃસંસ્થા સાથેનું સંકલન વધુ સુદ્રઢ બને તેમજ વ્યવસાય, ઉચ્ચ અભ્યાસ કે અન્ય કારણોસર ભારતથી વિદેશ જતા તેમજ જે પોતાના વતન, સારવાર કે યાત્રાધામોની મુલાકાતે વિદેશથી સ્વદેશ આવતા રઘુવંશી પરિવારો માટે વ્યવસ્થા તથા સવલતો ઊભી કરવામાં માતૃસંસ્થા માધ્યમ બને અને જ્ઞાતિહિત માટેના અન્ય જરૂરી મુદ્દાઓ ચર્ચાએ લેવાશે. ગ્લોબલ લોહાણા કન્વેન્શન - ૨માં ભાગ લેવા દુબઈ આવી રહેલા સભ્યોએ ડેલીગેશન ફીનો ચેક અને અન્ય જરૂરી કાગળો માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર મોકલી આપેલ છે. આમ છતાં જેમને પણ આ કાર્યવાહી પૂર્ણ કરવાની બાકી હોય તેમણે સત્વરે ઘટતું કરવા અમો નમ્ર અપીલ કરીએ છીએ.

અન્ય માહિતી કે વિગતો મોકલવા માટે

E-mail : dubailohanameet@gmail.com

હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા
મંત્રીઓ

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th April 2019




If Undelivered return to:
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)